ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ.બેંક લિ.ના ચેરમેનપદે

# અજયભાઈ પટેલ અને વાઈસ ચેરમેનપદે શંકરભાઈ ચૌધરી ફરી બિનહરીફ

અમદાવાદ,તા.૨૩

રાજયની સર્વોચ્ચ સહકારી સંસ્થા ધી ગુજરાત રાજય સરકારી બેંક (શિડયુલ્ડ એપેક્ષ બંક)ના ચેરમેનપદે અજયભાઈ પટેલ અને વાઈસ ચેરમેનના હોદ્દા પર શંકરભાઈ ચૌધરી ફરી એકવાર બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના અથાગ પ્રયાસો અને મુખ્મયંત્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, રાજય કક્ષાના તેમજ સહકાર મંત્રી ઈશ્વરસિંહ પટેલના માર્ગદર્શન, કેન્દ્ર તેમજ રાજય સરકારના સહકારથી જીએસસીબીનો વિકાસ સંગીન રહયો છે.

તેમના વડપણ હેઠળ જીએસસી બેન્કે છેલ્લા એક દાયકામાં ખાસ્સી પ્રગતિ સાધી છે. છેલ્લા પાંચ વર્ષથી બેન્કનો કુલ નફો રૂા.૧૦૦ કરોડથી વધુનો રહયો છે. જીએસસીબીની થાપણો વધારવાના તેમના પ્રયાસોને ખાસ્સી સફળતા મળી છે. ૨૦૦૮-૦૯ની સાલમાં તેમની થાપણો રૂા.૩૨૦૯.૯૫ કરોડની હતી તે વર્ષ ૨૦૧૮-૧૯ના અંત ૧૦૦ ટકાથીય વધુ વધીને રૂા.૬૫૫૪.૬૦ કરોડની થઈ છે. ૨૦૦૮-૦૯ની વર્ષમાં કુલ ધિરાણો રૂા.૧૭૮૮૬.૫૮ કરોડના હતા જે વધીને હાલ વર્ષ ૨૦૧૮-૧૯ના અંત રૂા.૬૭૧૧.૯૦ કરોડના થયેલ છે. તેમના નેતૃત્વ હેઠળ બેન્ક આવી ત્યારથી તેમના શેરહોલ્ડરોને વાર્ષિક મહત્તમ ૧૫ ટકાની નિર્ધારિત મર્યાદામાં ડિવિડંઠ આપતી આવી છે એક જમાનામાં ૯.૨૯ ટકા જંગી એનપીએ સામે અત્યારે નેટ એનપીએ શુન્ય ટકા છે. તેની સામે ગ્રોસ એનપીએ ૨૦૧૯ના માર્ચની સ્થિતિએ ૧.૯૮ ટકા જ છે.

આમ, તમામ સહકારી બેન્કોને એક છત્ર હેઠળ લાવીને તેમને આધુનિક સેવાઓ સાથે સાંકળી રાખવામાં જીએસસીબીનો ફાળો બહુજ મોટો છે. નબળી પડેલી પાંચ જિલ્લા સહકારી બેન્કો (જુનાગઢ, વડોદરા, સુરેન્દ્રનગર, પંચમહાલ અને કચ્છ જિલ્લા સહકારી બેન્કો)ને બેઠી કરીને દોડતી કરવામાં પણ જીએસસીબીનું યોગદાન મોટુ અને મહત્વનું રહયું છે.વર્તમાન સમયમાં ટેકનોલોજી એ બેન્કીંગ સેવાનો પ્રાણ બની ગઈ છે.

આધુનિક ટેકનોલોજીને પણ જીએસસીબીએ સંગીન રીતે વિકસાવેલી છે. અજયભાઈ પટેલ અમદાવાદ જિલ્લા સહકારી બેન્કના ચેરમેન તરીકે પણ છેલ્લા ૧૮ વર્ષથી સેવા આપી રહયા છે. શંકરભાઈ ચૌધરી બનાસ ડેરીના ચેરમેનના હોદ્દા પર સેવા આપી રહયા છે. કુશળ નેતૃત્વ અને પારદર્શક વહીવટ આ બન્ને મોભીઓની સૌથી મોટી મૂડી છે. તેમાં તેમની સ્વચ્છ પ્રતિભા અને સહુને સાથે રાખી સર્વાનુમતે કામગીરી કરવાની કાબેલિયતથી તેઓ સદાય વિજય બનતા આવ્યા છે.

# વિનય નૃત્ય કલા ગ્રુપ દ્વારા નૃત્યનો પ્રચાર થઈ રહયો છે

વડોદરા, તા.૨૩

વિનોદ વૈદ્ય ગુજરાતના પ્રથમ નૃત્ય કલાકાર છે જેમણે સૌથી વધારે નૃત્યમાં ડીગ્રી લીધી છે. તેઓએ ઘણી સંસ્થાઓમાં તેમની સેવા આપી છે. આફ્રિકામાં ૨ મહીના સુધી નૃત્યનો પ્રચાર તેમના ગ્રુપ દ્વારા કરવામાં આવ્યો અને તેમાં તેમને એવોર્ડો આપવામાં આવ્યા છે.ઈન્ડીયન હાઈઝીશર દ્વારા શ્રેષ્ઠ ગુરૂ એવોર્ડ તેમજ લંડનની સંસ્થા ચંદરયા ફાઉન્ડેશન, લાયન્સ કલબ રોટરી કલબ, દેરાહુદન, સિમલા પુના આબુ, મથુરામાં ઘણા એવોર્ડ અને સન્માન મળ્યું છે. તેમણે દેશ વિદેશોમાં કાર્યક્રમો આપી પ્રસિધ્ધિ મેળવી છે. ૧૦૦૦ વિદ્યાર્થીને ડીગ્ર તેમજ ૮૮૦ નૃત્ય કાર્યક્રમ તેમજ ૧૧૦ અરંગ્રલ કર્યા છે. આ બધી સિધ્ધિ માટે તેમજ નૃત્યગુરુનો એવોર્ડ બારાબતી નૃત્યએવોર્ડથી સન્માન પત્ર અને એવોર્ડ આપવામાં આવ્યો તેમને ઓરિસા નૃત્ય મંડળ તેમજ બારાબની નૃત્ય સભાએ બહારા બની નૃત્ય એવોર્ડ આપવામાં આવ્યો છે.

નાદુરસ્ત તબિયત હોવાનું કારણ આગળ ધર્યુ

# કેતન ઈનામદારના રાજીનામા મામલે પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી મનાવવા નહી આવે

વડોદરા, તા.૨૩

સરકાર સાથે વિવિધ મુદ્દે નારાજ થયેલા સાવલી ધારાસભ્ય કેતન ઈનામદાર ગઈકાલે ધારાસભ્યપદેથી પોતાનું રાજીનામુ આપી દીધું હતું. જેથી પક્ષમાં ચાલતી આંતરીક નારાજગી છતી થઈ હતી. આ વચ્ચે તેમને મનાવવા માટે મુખ્યમંત્રીથી લઈ પ્રદેશના અગ્રણીઓએ પ્રયાસ શરૂ કર્યા હતા. ધારાસભ્ય કેતન ઈનામદારને મનાવવા માટે આજે પક્ષના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી આવવાના હતા. પરંતુ તબીયત નાદુરસ્ત હોવાનું કારણ ધરી તેઓએ આજે અહી આવવાનો ઈન્કાર કરી દીધો હતો. જેથી સાવલીમાં નગરપાલિકા કેટલાક સભ્યોએ પણ રાજીનામું આપવાની તૈયારીઓ કરી દીધી હતી.

સાવલીનગર પાલિકાના બાકી પડતા વીજ બિલના પલગે સરકારી વિભાગે પાલિકાનું વિજ જોડાણ કાપી નાંખ્યું હતું સમગ્ર મામલે સ્થાનિક ધારાસભ્ય કેતન ઈનામદારે બાકી રકમ મામલે ઉર્જામંત્રી સૌરભ પટેલ સમક્ષ રજુઆત કરી હોવા છતાં વિજ કનેકશન કપાઈ જતા કેતને રાજીનામું આપ્યું હોવાનું કહેવાય છે. આ ઉપરાંત અન્ય કેટલાક કામો અંગે પણ તેમની રજુઆત ધ્યાને ન લેવાતા તેઓએ આખરે નારાજ થઈ પોતાનું રાજીનામુ ધર્યુ હોવાની ચર્ચા છે.

ભાજપના નેતાઓ દોડતા થયા હતા. સાંસદ સભ્ય રંજનબેન ભટ્ટ, પ્રદેશ અગ્રણી શબ્દશરણ બ્રહ્મભટ્ટ સહિતના આગેવાનોએ તેમને મનામણા કર્યા હોવાનું કહેવાય છે. આ વચ્ચે કેતનને મનાવવા પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી આવવાનો હાવાનો સંદેશ વહેતો થયો હતો.

જોકે આ વચ્ચે જીતુ વાઘાણીને પગમાં મચકોડ આવી છે. અને તેઓ હરીફરી શકતા નથી. તેમની તબીયતના કારણે તેઓ અહી નદી આવે તેવા સંદેશા છે. આ પાછળ તેઓની નાદુરસ્ત તબીયત અકે રાજકીય કારણ પણ હોવાનું ચર્ચાય છે. જો જીતુ વાગાણીની આજની સાવલીની મુલાકાત રદ થાય તો હી કેતનને ફરીથી મનાવવાનો પ્રયાસ નહી કરાય તેવું પણ રાજકીય તજજ્ઞો અનુમાન લગાવી રહયા છે.

# બંધ મકાનમાંથી દોઢ લાખની માલમત્તા ચોરી તસ્કરો રવાના

વડોદરા, તા.૨૩

ગોરવા મંગલપાર્ક સોસાયટીમાં રહેતા હિતેશભાઈ બક્ષીના બંધ મકાનને નિશાન બનાવી ત્રાટકેલી તસકર ટોળકી રોકડ સોના ચાંદીના દાગીના સહિત અંદાજે રૂપિય દોઢ લાખની માલમત્તા ચોરી લઈ રવાના થઈ હોવાનો બનાવ ગોરવા પોલીસ મથકે નોંધાયો હતો.

ગોરવા મંગલપાર્ક સોસાયટીમાં રહેતા હિતેશભાઈ બક્ષી ખાનગી કંપનીમાં ફરજ બજાવે છે. ગત તા.૧૩મીના રોજ મકાન બંધ કરી પરિવાર સાથે તેઓ અમદાવાદ જવા રવાના થયા હતા. દરમિયાન બંધ મકાનને નિશાન બનાવી ત્રાટકેલી તસ્કર ટોળકી મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી હતી.

બેડરૂમના કબાટનો સામાન વેરવિખેર કરી રોકડ સોનાનું મંગલસુત્ર સોનાના ચેઈનલ સોનાનું પેન્ડલ સોનાની બુટ્ટી ચાંદીના સીકકા નંગ.-૪૦ સહિત અંદાજે રૂપિયા દોઢ લાખની માલમત્તા ચોરી લઈ તસ્કર ટોળકી ફરાર થઈ હતી. બીજા દિવસે પાડોશીએ ફોન કરી હિતેશભાઈને તેમના મકાનમાં ચોરી અંગેની જાણ કરી હતી. ગોરવા મંગલપાર્ક સોસાયટીમાં રહેતા હિતેશભાઈ બક્ષીએ આ અંગેની ફરીયાદ ગોરવા પોલીસ મથકે નોંધાય હતી. જેની કાર્યવાહી પોલીસે હાથ ધરી હતી.

# વડોદરા મનપાનું ૩૭૭૦ કરોડનું બજેટ રજૂ કરાયુ ૨૨૫ કરોડના ખર્ચે નવા ૪ ગાર્ડન બનશે

વડોદરા,તા.૨૩

વડોદરા મહાનગરપાલિકાનું વર્ષ-૨૦૨૦-૨૧નું રૂપિયા ૩૭૭૦ કરોડનું બજેટ મ્યુનિસિપલ કમિશનર નલિન ઉપાધ્યાયે રજૂ કર્યું હતું. જેમાં રૂપિયા ૧૬૨૧ કરોડના વિકાસ કામો કરવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત શહેરમાં ૮ નવા બ્રિજ, એક ફાયર સ્ટેશન બનાવવામાં આવશે. આ ઉપરાંત પૂરની પરિસ્થિતિને પહોંચી વળવા માટે વાહનનો સહિત સાધનો ખરીદવાનું સૂચન કરવામાં આવ્યું છે. તેમજ ગંદા પાણીનો ઉકેલ લાવવા માટે નિમેટા ખાતે ૬૪.૫૦ કરોડના ખર્ચે નવિન ૫૦ એમ.એલ.ડી. ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનશે.વિશ્વામિત્રી રિવરફ્રન્ટ માટે નવો ડી.પી.આર. તૈયાર કરવામાં આવશે. સલાહકારની નિમણૂંક કરવામાં આવશે. રૂપિયા ૩૫૦ કરોડના ખર્ચે શહેરના વૃંદાવન ચાર રસ્તા, ખોડિયારનગર ચાર રસ્તા, સરદાર એસ્ટેટ ચાર રસ્તા, સંગમ ચાર રસ્તા, વાસણા રોડ ચાર રસ્તા, સમા તળાવ અને માણેક પાર્ક ચાર રસ્તા પાસે ફલાયઓવર બનાવવામાં આવશે. અને દરબાર ચોકડી, માંજલપુર પાસે રેલવે ઓવર બ્રિજ બનાવવામાં આવશે. કારેલીબાગ ખાતે ૮ કરોડના ખર્ચે નવિન ફાયર સ્ટેશન બનાવવામાં આવશે.ફાયર બ્રિગેડ માટે રૂપિયા ૩ કરોડના ખર્ચે ૪ નંગ મલ્ટીફંકશનલ ફાયર ફાઈટીંગ કમ રેસ્ક્યુ કોન્વે વ્હિકલ, પૂર પરિસ્થીતીમાં પૂરગ્રસ્તોને બચાવવા માટે ૧૫ નંગ ફાયબર બોટ ઓ.બી.એમ. અને ૩૦૦ નંગ યામાડા લાઈફ સેવિંગ જેકેટ તેમજ ૬ નંગ જીપ ખરીદવામાં આવશે. રૂપિયા ૧૨ કરોડના ખર્ચે કમાટીબાગમાં પ્રાણીઓ અને પક્ષીઓ માટે પીંજરા, ફૂડ સ્ટોર, રસોડું અને ઓફ ડિસ્પ્લે સેન્ટર બનાવવામાં આવશે.નિમેટા ખાતે રૂપિયા ૬૪.૫૦ કરોડના ખર્ચે નવિન ૫૦ એમ.એલ.ડી. ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી ઉપરાંત ૧૨ કરોડના ખર્ચે જાંબુળીયાપુરા (બાપોદ) વિસ્તારમાં નવિન ટાંકી, ભૂગર્ભ સંપ બનાવવામાં આવશે. ૧૧૫ કરોડના ખર્ચે તરસાલીમાં ૧૦૦ એમ.એલ.ટી. એસ.ટી.પી.નું નિર્માણ કરવામાં આવશે શહેરમાં પાણીના પ્રેશરનો વિકટ પ્રશ્ન હલ કરવા માટે તજજ્ઞોની મદદ લેવાશે અને નેટવર્ક અપગ્રેડેશનની કામગીરી હાથ ધરવામાં આવશે. શહેરમાં વારંવાર અને મોટા પ્રમાણમાં આવતા કોન્ટામીનેશનની સમસ્યાને ધરમુળમાંથી નાબૂદ કરવાની કામગીરી કરવામાં આવશે. જેમાં સ્લમ વિસ્તારમાં આવતા દુષિત પાણી અંગે ફોલ્ટી કનેક્શનો એમડીપીઈ પાઈપથી કોર્પોરેશનના ખર્ચે બદલી આપવામાં આવશે.કારેલીબાગ ગોવિંદ નગર ખાતે રૂપિયા ૧.૩૦ કરોડના ખર્ચે, છાણી તળાવ ખાતે રૂપિયા ૧ કરોડના ખર્ચે અને ખોડીયાર નગર તળાવ પાસે રૂપિયા ૧ કરોડના ખર્ચે ગાર્ડન બનાવવામાં આવશે. આ ઉપરાંત રૂપિયા ૨.૨૫ કરોડના ખર્ચે સયાજીપુરામાં ટી.પી.૬ એફ.પી. બકોરનગર ખાતે ફાયનલ પ્લોટ ૧૬૩માં ગાર્ડન બનાવવામાં આવશે.

# આધારકાર્ડને પાનકાર્ડ સાથે જોડવુ ફરજીયાત નથી : ગુજ. હાઈકોર્ટના ચુકાદો

અમદાવાદ,તા.૨૩

જો તમે તમારું પાનકાર્ડ આધારકાર્ડ સાથે લિંક કર્યું ન હોય તો હવે ગભરાવાની જરૂર નથી. આધારકાર્ડ સાથે લિંક નહીં કરવાથી તમારું પાનકાર્ડ ઇનઓપરેટિવ નહીં થાય. ગુજરાત હાઈકોર્ટે એક ચુકાદામાં આ અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે જ્યાં સુધી આ કેસમાં સુપ્રીમ કોર્ટ કોઇ આદેશ આપશે નહીં ત્યાં સુધી આધાર સાથે લિંક નહીં થયેલાં પાનકાર્ડને રદબાતલ ઠરાવી શકાશે નહીં. આ અંગે ગુજરાત હાઈકોર્ટે પોતાના એક આદેશમાં કહ્યું છે કે, જો પાનકાર્ડ આધાર સાથે લિંક નહીં થાય તો તેને રદ કરવામાં આવશે નહીં.

હાઈકોર્ટે કહ્યું છે કે, આધાર એક્ટની માન્યતા અંગે હાલ સુપ્રીમ કોર્ટ વિચારણા કરી રહી છે. જ્યાં સુધી સુપ્રીમ કોર્ટ આ અંગે અંતિમ નિર્ણય નહીં લે ત્યાં સુધી આવકવેરા વિભાગ તેને લિંક કરવાનો આદેશ આપી શકશે નહીં. હાઈકોર્ટે પોતાના આદેશમાં વધુમાં કહ્યું છે કે, આવકવેરા વિભાગ દ્વારા પાન-આધારની ડેડલાઈનને વારંવાર આગળ વધારવી પણ ગેરકાયદેસર છે.ઈંક્રમ ટેક્સ એક્ટના સેક્શન ૧૩૯એએ હેઠળ જે લોકોને પાનકાર્ડ ઇશ્યૂ કરવામાં આવ્યાં છે અને જેઓ આધાર મેળવવા માટે પાત્ર છે તેમને ઈંક્રમટેક્સ વિભાગને પોતાનો આધાર નંબર જણાવવાનો હોય છે, પરંતુ જો આવું કરવામાં નહીં આવે તો તેનાથી પાન નંબર ઈનઓપરેટિવ થશે નહીં.

ટેક્સમેન ડોટકોમના ડીજીએમ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નવીન વાધવા જણાવે છે કે, આધાર અધિનિયમની કાયદેસરતા સામે ઊભા થયેલા સવાલને ધ્યાનમાં રાખીને ગુજરાત હાઈકોર્ટે કરદાતાઓને રાહત આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી આધારની કાયદેસરતાનો મામલો સુપ્રીમ કોર્ટમાં અનિર્ણીત છે ત્યાં સુધી આધાર સાથે લિંક નહીં થયેલ પાનકાર્ડને ઇનઓપરેટિવ ગણાવી શકાશે નહીં. આમ, આધારને પાન સાથે લિંક કરવાની ડેડલાઇન ગેરકાયદે છે.

# વારસીયામાં શરાબનો જથ્થો લઈ જતાં બે કેરીયરની ધરપકડ

વડોદરા, તા.૨૧

રાજસ્થાનથી વિદેશી શરાબનો જથ્થો વારસીયાના અનિલ બુધવાણી સુધી પહોંચે તે પુર્વે હરણી પોલીસે બે કેરિયરોને દબોચી લેતા તેનો પર્દાફાશ થયો હતો. પોલીસે વિદેશી શરાબનો જથ્થો સહિતનો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

હરણી પોલીસે બન્ને કેરીયરોની ધરપકડ કરી હતી. અને બે શખ્સોને ફરાર જાહેર કર્યા હતા. હરણી પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગ દરમિયાન માણેક પાર્ક પાસે આવી પહોંચ્યો હતો. ત્યારે બાતમી મળી હતી કે, અજાણ્યા શખ્ખે રીક્ષાની રાહ જુવે છે. આથી પોલીસે બન્ને શખ્સોને આંતરી લઈ બેગની તલાસી લેતા વિદેશી શરાબનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વિદેશી શરાબનો જથ્થો કબ્જે લીધો હતો. નોંધાયેલી ફરિયાદના આધારે પાલીસે ગોપાલ નાથાણી (રહે. વારસીયા) અને પ્રેમ સુરેશભાઈ તુલસાણી (રહે. વારસીયા)ની ધરપકડ કરી હતી. અને અનિલ બુધવાણી તથા પ્રવિણ ઉર્ફે શેરા નાથાણીને વોન્ટેડ જાહેર કરાયા હતા.

# વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્રભાઇ ત્રિવેદી વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ૪૮મા બાળમેળાનું ઉદ્ઘાટન

વડોદરા તા.૨૩

વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ૪૮મા બાળમેળા દર્પણનું આયોજન કરવામાં આવ્યું છે. વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અધ્યક્ષ દિલીપસિંહ ગોહિલે જણાવ્યું કે, તા.૨૫મીના રોજ સવારે ૯ વાગ્યે વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્રભાઇ ત્રિવેદી ઉદ્ઘાટન કરશે. વડોદરા ખાતે યોજાતો આ બાળમેળો બાળકો થકી, બાળકો વડે, બાળકોનો, બાળકો દ્વારા યોજાતો હોય તેવો સમગ્ર ભારતભરમાં સૌપ્રથમ છે. શિક્ષકો અને બાળકો દ્વારા વર્ષ દરમિયાન કરવામાં આવતી પ્રવૃત્તિઓનું પ્રતિબિંબ છે.તા.૨૫મીએ શૈક્ષણિક પ્રોજેક્ટ અને આનંદબજાર સવારે ૮ થી સાંજે ૮ વાગ્યા સુધી શરૂ રહેશે. બપોરે ૧૨ થી ૨ દરમિયાન બાલવાડીનો સાંસ્કૃતિક કાર્યક્રમ રહેશે. એમ્ફી થિયેટર ખાતે બપોરે ૩ થી ૮ સુધી સમિતિના ઝોન-૧ની શાળાઓના ધો.૧ થી ધો.૮ના બાળકો સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેશે.તેમણે વધુમાં કહ્યું કે, તા.૨૬ જાન્યુઆરીએ સયાજીબાગ ખાતે સવારે ૧૦ વાગ્યે ૭૧મા પ્રજાસત્તાક દિન ઉજવણી બાહ્ય સાંસ્કૃતિક વિભાગ પાસે કરવામાં આવશે. શૈક્ષણિક પ્રોજેક્ટ અને આનંદબજાર સવારે ૮ થી સાંજે ૮ વાગ્યા સુધી શરૂ રહેશે. એમ્ફી થિયેટર ખાતે સવારે ૧૧.૩૦ થી બપોરે ૧ વાગ્યા દરમિયાન કવિ સંમેલન-ચાલો, શબ્દની મોજમાં યોજાશે. બપોરે ૩ થી ૮ દરમિયાન સમિતિ ઝોન-૨ની શાળાઓના ધો.૧ થી ધો.૮ના બાળકો સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેશે. આનંદબજારમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ બપોરે ૧૨ વાગ્યે વાનગી સ્પર્ધામાં ભાગ લેશે. બપોરે ૩ થી સાંજે ૮ સુધી એડવેન્ચર ઝોન, કઠપૂતળીના ખેલ, મૂનવોકર, કાર્ટુન કેરેકટર્સ વિશેષ આકર્ષણ જમાવશે.તા.૨૭મીએ એમ્ફી થિયેટર ખાતે સવારે ૧૧ થી બપોરે તારે જમી પર થીમ આધારિત શીઘ્ર ચિત્ર સ્પર્ધા યોજાશે, જેમાં સમિતિની ૧૦૫ શાળાના ધો.૬ થી ધો.૭ના બે વિદ્યાર્થીઓ તથા શિક્ષકો ભાગ લઇ શકશે. શૈક્ષણિક પ્રોજેકટ અને આનંદબજાર સવારે ૮ થી સાંજે ૮ વાગ્યા સુધી શરૂ રહેશે. બપોરે ૩ થી ૮ દરમિયાન સમિતિ ઝોન-૩ની શાળાઓના ધો.૧ થી ધો.૮ના બાળકો સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેશે. બપોરે ૩ થી સાંજે ૮ સુધી એડવેન્ચર ઝોન, કઠપૂતળીના ખેલ, મૂનવોકર, કાર્ટુન કેરેકટર્સ વિશેષ આકર્ષણ જમાવશે.

વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ઉપાધ્યક્ષ નલિનભાઇ ઠાકરે જણાવ્યું કે, બાળમેળો એ અવલોકનશક્તિ, સંગ્રહ, વર્ગીકરણ, ગુણ, લક્ષણ, ઓળખ, કૂતુહલપ્રેરક, પ્રયોગશીલ અનુભવો, અભિનય ગીત, બાળરમત, નાટક, ગીત-સંગીત, અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો, કાગળકામ, ચિત્રકામ, રંગપૂરણી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગીણ વિકાસ થાય તેવો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. તા.૨૫ થી તા.૨૭ જાન્યુઆરી-૨૦૨૦ દરમિયાન યોજાનાર આ કાર્યક્રમનું રિહર્સલ આગામી તા.૨૪ જાન્યુઆરી-૨૦૨૦ને શુક્રવારના રોજ સવારે ૯ વાગ્યે થશે.બાળમેળામાં એડવેન્ચર ઝોન, મનોરંજન વિભાગ, સાંસ્કૃતિક વિભાગ, શૈક્ષણિક પ્રોજેક્ટ, કલા વિભાગ, આનંદ બજાર જેવા વિભાગો વિશિષ્ટ આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. શૈક્ષણિક પ્રોજેક્ટ વિભાગમાં વર્લ્ડ ઓફ સ્માર્ટ ગેજેટ્સ, ઇસરોની સિધ્ધીઓ, ભારતનું ડિજીટલ ગામ-પૂંસરી, અખંડ ભારત, મિશન ગગનયાન, ફીટ ઇન્ડિયા-હિટ ઇન્ડિયા, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય જેવા ૩૧ પ્રોજેક્ટસ રજૂ થનાર છે.

# તાજપુરા ગામની રાત્રીસભામાં અનેરૂ દ્રશ્ય જોવા મળ્યું

વડોદરા તા.૨૩

પાદરા તાલુકાના તાજપુરા ગામની રાત્રીસભામાં એક અનેરૂ દ્રશ્ય જોવા મળ્યું. કલેક્ટર શ્રીમતી શાલિની અગ્રવાલ રાત્રીસભામાં ઉપસ્થિત વિદ્યાર્થીનીઓ સાથે સંવાદ સાધવાનો પ્રયાસ કરતા હતાં. શું બનવા માંગો છો ? વગેરે પ્રશ્નો પૂછી રહ્યા હતા. પ્રારંભમાં કોઈ વિદ્યાર્થીનીઓ ભરીસભામાં બોલવામાં સંકોચ અનુભવતી હોવાનું જણાયું. પરંતુ એક વિદ્યાર્થીની બોલ્યા બાદ અન્ય વિદ્યાર્થીનીઓ પ્રતિસાદ આપવા માંડી. કોઈ ડોક્ટર, શિક્ષક વગેરે બનવાના પ્રત્યુત્તર આપ્યા. બાદમાં પાદરા ખાતેની હાસ્કૂલમાં ધોરણ-૧૧માં અભ્યાસ કરતી વૈભવીએ સી.એ. બનાવાનો નિર્ધાર કરતા કહ્યું કે, હું આગળ અભ્યાસ કરીને સી.એ. બનાવા માંગુ છું અને હું સી.એ. બનીને જ બતાવીશ. સાથે જ વૈભવીએ ઉપસ્થિત સૌ કોઈને છોકરાઓ જેટલુ જ કન્યાઓને મહત્વ આપી ખૂબ ભણાવવા અનુરોધ કર્યો હતો. આમ, વૈભાવીની આ પ્રેરક વાતો અને આત્મવિશ્વાશ જોઈ સૌ કોઈ હર્ષ સાથે દંગ રહી ગયા હતા. ત્યારે કલેક્ટર શ્રીમતી શાલિની અગ્રવાલે પણ વૈભવીને બિરદાવી હતી.


Diamines
Quality driven

**DIAMINES AND CHEMICALS LTD.**

CIN NO: L24110GJ1976PLC002905

**Registered Office :** Plot No. 13, PCC Area, P.O. Petrochemicals, Dist. Vadodara - 391346.

**Phone :** 0265-3920200 **Fax :** 0265-2230218.

**Email :** secretarial@dacl.co.in

**Website :** www.dacl.co.in

**CORRIGENDUM**

**Notice** for the Board Meeting published in Business Standard, A'bad & Vadodara Samachar, Vadodara on 17.01.2020, the venue of meeting is printed Mumbai. All the concerned are requested **to read Vadodara instead of Mumbai.**

By the order of the Board of Diamines and Chemicals Ltd.

Sd/-

Place : Vadodara — Hemaxi Pawar

Date : 23.01.2020 — Company Secretary



**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્ય.બોર્ડ**

**ટુંકી મુદ્દતની જાહેર નિવીદા નં.૦૧ સને ૨૦૧૯-૨૦**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, જનમોત્રી હોસ્પિટલ પાસે, સરદારનગર સોસાયટી, સાવલી-(ફોન નં. ૦૨૬૬૭) ૨૨૨૨૮૬) દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદાર પાસેથી ઈ-૨ કલાસ તથા ઉપરના વર્ગ માટે અનુક્રમ નં.૦૧ માટે બી-૧ ફોર્મમાં ટેન્ડરો મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂા.૧.૦૯૬ લાખ છે. ટેન્ડર ભરવા અંગેની તેમજ કામની વધુ વિગતો કોરા ટેન્ડર ફોર્મ રજાના-દિવસો સિવાય બપોરના ૧૨.૦૦ કલાકથી ૧૬.૦૦ કલાક સુધી ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન સર્ટિફીકેટ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી સર્ટીફિકેટ, રાષ્ટ્રીયકૃત બેંકની બાનાની રકમ તરીકેની એફ.ડી.આર.ડી.ડી. તથા સરકારી અનુભવના પ્રમાણપત્રોની ખરી નકલ સાથે અરજી કરવાથી કોરી ટેન્ડર કોપી આપવામાં આવશે. ટેન્ડર આપવાની છેલ્લી તા.૨૮/૦૧/૨૦૨૦ રાખવામાં આવેલ છે. અને પરત લેવાની છેલ્લી તા.૦૪/૦૨/૨૦૨૦ રાખવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડનો હેલ્પલાઈન નંબર-૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

(માહિતી-વડો ૧૨૬૩ ૨૦૧૯-૨૦)



INEOS STYROLUTION
Driving Success. Together.

**INEOS STYROLUTION INDIA LIMITED**

**Registered Office :** 5th Floor, OHM House II, OHM Business Park, Subhanpura, Vadodara - 390023, Gujarat.

**CIN:** L25200GJ1973PLC002436

**Tel. No. :** +91 265 2303201 **Fax No :** +91 265 2303203

**E mail :** INSTY.secshare@ineos.com **Website :** www.ineosstyrolutionindia.com

**NOTICE**

In compliance with provisions of Regulation 47, read with Regulation 29, of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015,notice is hereby given that a meeting of Board of Directors of the Company will be held on **February 07, 2020,** to, inter alia, approve the unaudited financial results of the Company for the third quarter ended on December 31, 2019.

The said notice is also available on the website of the Company at www.ineosstyrolutionindia.com as well as on the websites of Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com, where the equity shares of the Company are listed.

By order of the Board

**For INEOS Styrolution India Limited**

Sd/-

**Date : January 24, 2020** — **Abhijaat Sinha**

**Place : Vadodara** — Head - Legal & Company Secretary



J&K Bank
Serving To Empower

The Jammu & Kashmir Bank Limited
Business Unit: Baroda, Gujarat
Capri House II, Jetalpur Road,
Alkapuri, Vadodara 390007, Gujarat, India

**POSSESSION NOTICE**

Ref No: JKB/BRD/2020- Dated: 21.01.2020

Whereas, the undersigned, being the Authorized Officer of The Jammu & Kashmir Bank Ltd. (the Bank) under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 (the Act) and in exercise of the powers conferred under section 13 (2) of the Act read with Rule 3 of the Securities Interest (Enforcement) Rules, 2002 (the Rules) the bank through Mr. Irfan Anjum (Authorized Officer) issued a demand notice dated 11.04.2019 calling upon **(i) Shri Uttam Pohaliyabhai Vasava S/o Sh. Pohaliyabhai Huniyabhai Vasava R/o A-118, Sun City, Opposite Ambe School, Vadsar, Manjalpur, Vadodara-390011 (Borrower and Mortgagor) (ii) Mrs. Jashodaben Uttambhai Vasava W/o Sh. Uttambhai Pohaliyabhai Vasava R/o A-118, Sun City, Opposite Ambe School, Vadsar, Manjalpur, Vadodara-390011. (Mortgagor & Guarantor) (iii) Mr. Rasik Sanabhai Vasava /o Sh. Sanabhai Vasava R/o H.No.E-5, Sainath Nagar, Near Swami Narayan Nagar, Alwanaka, Manjalpur, Vadodara – 390011 (Guarantor)**, to repay the amount mentioned in the notice being **Rs.27,30,891.77 (Rupees twenty-seven Lac thirty thousand, eight hundred ninety-one paisa seventy-seven only)** together with further interest thereon from 01.04.2019 @ 12.25% p.a. floating with monthly rests besides other costs & expenses, within 60 days from the date of the said notice.

The above named borrower, mortgagor & guarantors having failed to repay the amount in full, notice is hereby given to the said borrower, mortgagors & guarantors in particular and the public in general that the undersigned has taken/caused to be taken the possession of the property/ assets described herein below in exercise of the powers conferred under sub-section (4) of section 13 of the Act read with rule 8 of the Securities Interest (Enforcement) Rules, 2002 on this 21st day of January 2020.

The said borrower, mortgagor & guarantors in particular and the public in general are hereby cautioned not to deal with the said property/assets and any dealings with the said property/assets will be subject to the charge of the Jammu & Kashmir Bank Ltd. B/U Baroda for an amount of **Rs.29,94,387.77 (Rupees twenty-nine lac ninety-four thousand, three hundred eighty-seven paisa seventy-seven only) as on 31.12.2019** together with further interest thereon from 01.01.2020 @11.65% p.a. with monthly rests along with costs, charges and expenses till payment is made in the loan account.

Attention of Borrowers, Guarantors and Mortgagors is invited to provisions of Section 13(8) of the Act, in respect of time available, to redeem the secured assets.

This Notice is issued without prejudice to any of the rights of the Bank under the Act or under any other law in force.

**Description of the Immovable Property**

**All that part and parcel of property consisting of House No.C/118-A along with land underneath & appurtenant thereto measuring 800sq ft., situated at Suncity, Opp. Ambe School, Darbar Chowkdi, GIDC Road, Manjalpur, Vadodara, bearing R.S.No.319, 323/1, 323/2, 325/1, 325/2, 325/3, 326 and 329/1 of Mouje Vadsar, Vadodara, Gujarat, belonging to Sh.Uttambhai Pohaliyabhai Vasava S/o Sh. Pohaliyabhai Huniyabhai Vasava and Mrs. Jashodaben Uttambhai Vasava W/o Sh. Sh. Uttambhai Pohaliyabhai Vasava;**

Sd/-
Authorised Officer



**ભારતીય સ્ટેટ બેંક**

પાદરા શાખા (૦૦૪૪૨), ચોકસી બજાર, પાદરા -૩૯૧૪૪૦, જિ. વડોદરા ગુજરાત, ભારત. ફોન : ૦૨૬૬૨-૨૨૫૯૫૬, ઇ-મેલ : sbi.00442@sbi.co.in

**કબ્જા નોટિસ**
[નિયમ-૮(૧)] (સ્થાવર મિલકત માટે)

જે મુજબ, નીચે સહી કરનાર **ભારતીય સ્ટેટ બેન્ક, મેઇન બ્રાન્ચ, પાદરાના (૦૦૪૪૨), વડોદરા - ૩૯૧૪૪૦ના** અધિકૃત અધિકારી છે, સિક્યુરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ-૩ સાથે વાંચતા કલમ ૧૩ (૧૨) હેઠળ મળેલ સત્તાને આધિન રહી **બોરોઅર શ્રી જગદીશભાઇ ગોરધનભાઇ ગાંધીને ડિમાન્ડ નોટિસ તા. ૧૫ નવેમ્બર, ૨૦૧૯** ના રોજ પાઠવવામાં આવેલ અને નોટિસમાં નિર્દિષ્ટ રકમ રૂા.૧૦,૬૧,૭૯૯.૦૦ (રૂપિયા દસ લાખ એકસઠ હજાર સાતસો નવ્વાણું પૂરા) + તા. ૧૫-૧૧-૨૦૧૯ સુધીનું વ્યાજ સહિત વધારાનું વ્યાજ, પ્રાસંગિક ખર્ચા, ચાર્જિસ અને અન્ય ખર્ચા વગેરે ઉપરોક્ત નોટિસ મળ્યા તારીખથી ૬૦ દિવસમાં પરત ચુકવી આપવા જણાવાયેલ.

બોરોઅર આ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ ગયેલ છે, **આથી બોરોઅર, તેમના કાયદેસરના વારસદારો (જાણમાં હોય કે જાણમાં ના હોય તેવા), કાયદેસરના પ્રતિનિધિઓ (જાણમાં હોય કે જાણમાં ના હોય તેવા), ગેરન્ટર અને જાહેર જનતાને** આ સાથે નોટિસ આપી જણાવાય છે કે નીચે સહી કરનાર દ્વારા અહીં નીચે નિર્દિષ્ટ મિલકતનો, ઉપરોક્ત ધારાની કલમ ૧૩(૪) હેઠળ, નિયમ-૮ સાથે વાંચતા **૨૨ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ સીમ્બોલીક કબજો** મેળવી લેવાયેલ છે.

**બોરોઅર, કાયદેસરના વારસદારો (જાણમાં હોય કે જાણમાં ના હોય તેવા), કાયદેસરના પ્રતિનિધિઓ (જાણમાં હોય કે જાણમાં ના હોય તેવા), ગેરન્ટર અને જાહેર જનતાને** આ સાથે સાવધાન કરવામાં આવે છે કે આ પ્રોપર્ટી સામે કોઈ સોદો કરવો નહિ અને જો આ પ્રોપર્ટી સામે કોઈ સોદો કરાશે તો તે ભારતીય સ્ટેટ બેન્ક-પાદરા શાખાને નોટિસમાં નિર્દિષ્ટ રકમ રૂા.૧૦,૬૧,૭૯૯.૦૦ (રૂપિયા દસ લાખ એકસઠ હજાર સાતસો નવ્વાણું પૂરા) + તા. ૧૫-૧૧-૨૦૧૯ સુધીનું વ્યાજ સહિત તેની ઉપરનું વધારાનું વ્યાજ, પ્રાસંગિક ખર્ચા, ચાર્જિસ અને અન્ય ખર્ચા ચૂકવવા જવાબદાર રહેશે.

આમ, ઉપરોક્ત એક્ટની કલમ-૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ બોરોઅર્સનું ધ્યાન દોરવામાં આવે છે કે સમય રહેતાં પોતાની સલામત અસ્કયામતો છોડાવી લે.

**ગિરો મુકાયેલ સ્થાવર મિલકતની વિગત**

પ્રોપર્ટીનો તમામ હિસ્સો અને પીસ, જે સિટી સર્વે નં.૯૯/એ, ટીકા નં.૮/૧ ખાતે આવેલ છે, જેનું ક્ષેત્રફળ ૭૪-૯૭-૨૯ ચો.મી. થવા જાય છે, મોજે-પાદરા કસ્બા, રજિસ્ટ્રેશન સબ ડિસ્ટ્રીક્ટ-પાદરા અને જિ. વડોદરા.

**ચતુ : સીમા આ મુજબ છે :**

**પૂર્વ : શ્રી જયંતીભાઇ કાછીયાનું ઘર ; પશ્ચિમ : ગોરિયાદ વાલુ ફળિયાનો રસ્તો ; ઉત્તર : ગાંધી નારણભાઇ નગીનભાઇનું ઘર ; દક્ષિણ : શ્રી જયંતીલાલ કાછીયાનું ઘર**

**તારીખ : ૨૩-૦૧-૨૦૨૦** — **સહી - અધિકૃત અધિકારી**

**સ્થળ : પાદરા/વડોદરા** — **ભારતીય સ્ટેટ બેંક-પાદરા શાખા, વડોદરા, ભારત**